Lakeridge Health

**13મી એપ્રિલ, 2021**

**પ્રિય મિત્રો અને પાડોશીઓ,**

આપણા સમગ્ર સમુદાયમાં COVID-19નાં ફેલાવને અટકાવવામાં મદદ કરવા તમારાથી થઈ શકે તેટલા તમામ પ્રયત્નો કરવા બદલ તમારો આભાર. કમનસીબે, આ તૃતિય કટોકટીભરી સ્થિતિ તેમજ પ્રૉવિન્શિઅલ Stay-at-Home Order દરમિયાન આપણે અત્યંત જોખમકારક અને ગંભીર સ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છીએ.



**Cynthia Davis**

**અધ્યક્ષ અને સી.ઈ.ઓ.**



**Dr. Tony Stone**

**કર્મચારીવર્ગના વડા**

હવે, અત્યાર સુધી પહેલાં કરતાં પણ વધુ નોંધપાત્ર પ્રમાણમાં, આ વાયરસનું નિયંત્રણ મેળવવા માટે અમે પ્રૉવિન્શિઅલ નિર્દેશો પ્રત્યે સર્વસામાન્ય હિસ્સેદારીપૂર્વકની પ્રતિબદ્ધતા પર આધારિત છીએ.

આપણી હૉસ્પિટલો કટોકટીભરી સંભાળની ક્ષમતા બાબત આત્યંતિક દબાણનો અનુભવ કરી રહી છે. આપણે Ontarioમાં COVID-19નાં સૌથી વધારે કેસોના સાક્ષી બની રહ્યાં છીએ, જેમાં વાયરસનું પ્રસારણ સમુદાયમાં વ્યાપક પ્રમાણમાં ફેલાયેલું છે તેમજ અત્યાર સુધીમાં જે આ વિશ્વવ્યાપી રોગચાળો ફેલાયો છે એ દરમિયાન કોઈ પણ તબક્કા કરતાં સૌથી વધુ સંખ્યામાં કટોકટીભરી સંભાળ લેવા માટે દર્દીઓ દાખલ થઈ રહ્યા છે. આપણાં જ ઘરની નજીક, Lakeridge Healthમાં, વેવ 1 અથવા 2 માં જોવા મળે તેનાં કોઈ પણ તબક્કા કરતાં Durham વિસ્તારમાં કટોકટીભરી સંભાળ અને ઈનપેશન્ટ વૉર્ડમાં સંભાળ લેવા આવનારા દર્દીઓનું પ્રમાણ ઘણું ઊંચું છે. ચિંતાજનક રીતે, ઈનપેશન્ટ વૉર્ડમાં સંભાળ લેવા આવનારા દર્દીઓનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

પરંતુ, કોરોનાવાઈરસનાં સમૂહની સાંકળનાં રૂપમાં વિશ્વવ્યાપી રોગચાળો ફેલાયો હોવા છતાં, અમે શક્ય તેટલા વિકલ્પો વિશે વિચારવા દ્વારા ઉકેલો શોધીએ છીએ. અમારા કર્મચારીવર્ગ અને ડૉક્ટરો — કે જેઓ માં-બાપ, પતિ-પત્ની, ભાઈ-બહેન, દીકરા અને દીકરીઓ છે — તેઓ દરરોજ વ્યવસાયને અનુરૂપ શ્રેષ્ઠ માપદંડનું પાલન કરવા તેમજ અનુકંપા અને સદ્‌વ્યવ્હાર દર્શાવવા સાથે સુરક્ષિત સંભાળ લેવા માટે ફરજ પર હાજર થાય છે. વ્યવસ્થાતંત્રનાં ભાગરૂપે, Ontarioની હૉસ્પિટલો પ્રાપ્તિસ્થાનોની ફાળવણી કરવા, સાથે મળીને કામ કરે છે, તેમજ જયારે જરૂર પડે ત્યારે, દર્દીઓ અને કેંદ્રોની પણ અદલાબદલી કરે છે. વધુમાં, અમે જેટલા શક્ય બની શકે તેટલા Durham વિસ્તારનાં નિવાસીઓને જેટલું શક્ય બની શકે તેટલું જલદી રોગ અવરોધક રસી (વૅક્સીન) મૂકાવવા માટે અમારા સ્થાનિક સ્વાસ્થ્યનાં ભાગીદારો સાથે કામ કરી રહ્યાં છીએ.

**તાકીદની તેમજ કટોકટીભરી સંભાળને પૂરી પાડવા બાબતની અમારી ક્ષમતા બાબત ખાતરીપદ બનવા અંગે**

આ વિશ્વવ્યાપી રોગચાળો ફેલાવાની સ્થિતિ ઝડપથી વિકસિત થઈ રહી છે, અને Lakeridge Health દર્દીઓ, પરિવારો તેમજ કર્મચારીવર્ગની સુરક્ષા બાબતની ખાતરી કરવા શક્ય તેટલા સૌથી ટૂંકા ગાળામાં શક્ય તેટલી શ્રેષ્ઠ માહિતીસ્ત્રોતને આધારે શ્રેષ્ઠ નિર્ણય લઈને પોતાની ક્ષમતા પ્રદર્શિત કરી રહી છે.

આ સમય દરમિયાન, કટોકટીભરી શસ્ત્રક્રિયાઓ ચાલુ રહેશે, અને સાથોસાથ પ્રાથમિકતાને આધારે બિન-કટોકટીભરી તેમજ ચોક્કસ સમયે કરવી પડતી શસ્ત્રક્રિયાઓ પણ ચાલુ રહેશે, જેમ કે કેન્સરની શસ્ત્રક્રિયાઓ. તેમ છતાં, અમે તાકીદની તેમજ કટોકટીભરી સંભાળ પૂરી પાડવા બાબતની અમારી ક્ષમતાને જાળવવા માટે તમામ બિન-તાકીદની અને બિન-કટોકટીભરી સેવાઓને ઓછી કરી રહ્યાં છીએ. આ પ્રબળતામાં, પ્રમાણમાં અને દરમાં ઘટાડો એક્સ-રે લેવા, લોહીનાં નમૂનાઓનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવું, પુનર્વસવાટ કરવો, તેમજ અન્ય હૉસ્પિટલમાં દાખલ થયા વિના સારવાર કરાવવા માટે આવતા દર્દીઓની પ્રક્રિયાઓ જેવી સેવાઓનો પણ સમાવેશ કરે છે.

આમ કરવાથી, અમે અમારી હૉસ્પિટલોમાં વધુ ક્ષમતાને ઊભી કરી રહ્યા છીએ — પ્રવર્તમાનમાં અમે જે દર્દીઓ ધરાવીએ છીએ તેમજ આગામી સપ્તાહોમાં જે દર્દીઓ આવવાનાં છે તેમની સેવા માટે જગ્યા અને કર્મચારીવર્ગનાં રૂપમાં.

| ચાલુ રાખવામાં આવી છે | ઓછી કરવામાં આવી છે |
|---|---|
| • કટોકટીભરી અને તાકીદની શસ્ત્રક્રિયાઓ<br>• પ્રાથમિકતાને આધારે બિન-કટોકટીભરી શસ્ત્રક્રિયાઓ તેમજ ચોક્કસ સમયે કરવી પડતી શસ્ત્રક્રિયાઓ, દાખલા તરીકે, કેન્સરની શસ્ત્રક્રિયાઓ. | • બિન-તાકીદની, બિન-કટોકટીભરી શસ્ત્રક્રિયાઓ, દાખલા તરીકે, થાપાનાં સાંધાનાં પ્રતિસ્થાપનો.<br>• હરવાફરવાનું સક્ષમ બનાવવા માટેની સેવાઓ, જેમ કે, એક્સ-રે લેવા, લોહીનાં નમૂનાઓનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવું, પુનર્વસવાટ કરવો, તેમજ અન્ય હૉસ્પિટલમાં દાખલ થયા વિના સારવાર કરાવવા માટે આવતા દર્દીઓની સેવાઓ. |

અમે જાણીએ છીએ કે બિન-તાકીદની અને બિન-કટોકટીભરી સેવાઓનની પ્રબળતામાં, પ્રમાણમાં અને દરમાં ઘટાડો કરવાથી તે અનેક લોકો માટે વિક્ષેપકારક બની રહેશે. તેમ છતાં, અમે અમારી ક્ષમતાની જરૂરિયાતોનું દરરોજ મૂલ્યાંકન કરીએ છીએ તેમજ એ બાબત આશાસ્પદ છીએ કે અમે જલદીથી આ સેવાઓને ફરીવાર ચાલુ કરી શકીશું.

**રસી (વૅક્સીન) લેવા માટે ચોક્કસ તારીખ અને સમયનું આયોજન કરો**

પ્રૉવિન્શિઅલ Stay-At-Home Order એવું સ્પષ્ટીકરણ કરે છે કે ઘરમાં જ રહેવું ફરજિયાત છે સિવાય કે આવા જરૂરી હેતુઓ માટે બહાર નીકળવું પડે — કરિયાણાંની દુકાન અથવા દવાની દુકાને ખેપ મારવી, સ્વાસ્થ્ય સંભાળની આયોજિત મુલાકાતો માટે બહાર જવું, બહાર કસરત કરવી, તેમજ શાળામાં જવું અથવા એવું કાર્ય કરવું કે જે ઘેર બેઠાં-બેઠાં ન થઈ શકે. અમે આગ્રહ કરીએ છીએ કે તમે આ સૂચનાઓનું અનુસરણ કરો.

અમે એવું સૂચન કરીએ છીએ કે જયારે પણ મળવાપાત્ર હોય ત્યારે તમે રસી (વૅક્સીન) મૂકાવડાવો. આ વિશ્વવ્યાપી રોગચાળાના ફેલાવા સામે લડવા માટે રોગ અવરોધક રસી (વૅક્સીન) મૂકાવવી એ બાબત અતિ મહત્ત્વપૂર્ણ છે. કોને કોને માટે મળવાપાત્ર છે તેમજ રસી (વૅક્સીન) મૂકાવવા માટે કેવી રીતે મુલાકાતને ગોઠવવી એ વિશેની વધુ માહિતી મેળવવા માટે durham.ca/vaccineappointmentની મુલાકાત લો. વધુ માહિતી durham.ca/covidvaccinesમાં જોવા મળી શકે છે.

**જો તમે કોરોનાવાયરસનાં લક્ષણો ધરાવતા હો, તો COVID-19નાં પરીક્ષણ માટે અગાઉથી જ વ્યવસ્થા કરો**

જો એવી કોઈ શક્યતા દેખાતી હોય કે તમારામાં COVID-19નાં લક્ષણો પ્રગટ થયા છે, તો કૃપા કરીને કોઈ પણ જાતની ઢીલ કર્યા વિના તમારું પરીક્ષણ કરાવડાવો. જો તમે અથવા તમારા ઘરમાંથી કોઈ પણ સભ્ય અસ્વસ્થ જણાતું હોય, તો તેવા સંજોગોમાં અમે આગ્રહ કરીએ છીએ કે તમે તાત્કાલિકપણે Covidswab.lh.ca માં જઈને COVID-19 માટેનું પરીક્ષણ કરાવવા માટેની મુલાકાત ગોઠવો.

COVID-19નું પરીક્ષણ કરાવવામાં ઢીલ કરવાથી, વાયરસ અજાણતાં જ ફેલાઈ જવાનું જોખમ વધી શકે છે. એક વાર તમારી મુલાકાત ગોઠવવાનું નક્કી થાય, પછી કૃપા કરીને જ્યાં સુધી તમારું પરિણામ ન આવે ત્યાં સુધી સૌથી અળગા રહો. ફરીવાર યાદ અપાવીએ છીએ કે, જો તમે અળગા નહીં થઈ જાવ, તો તમે કદાચ તમારા પરીક્ષણનાં પરિણામો જાણ્યાં પહેલાં જ અજાણતાં જ વાયરસને ફેલાવી શકો છો. પરીક્ષણ કરાવવું સહેલું છે, ઝડપી છે, અને Durhamમાં તો એવાં ઘણાં પરીક્ષણ કરાવવા માટેનાં સ્થળો છે કે જેની તમે પસંદગી કરી શકો છો — www.lh.ca માં જઈને સ્થળો વિશેની તપાસ કરો.

**નિયમ અથવા નિયંત્રણને હળવાશથી લેશો નહીં, બેદરકારીપૂર્વક વર્તશો નહીં અને અસાવધ રહેશો નહીં**

કૃપા કરીને સાર્વજનિક સ્વાસ્થ્ય માર્ગદર્શિકાને અનુસરવાનું ચાલુ રાખો, કે જેમાં સતત તમારા હાથ ધોતા રહેવાના, ઘરની બહાર નીકળો ત્યારે માસ્ક પહેરવાનું, તેમજ એકબીજાથી શારીરિક અંતર રાખવાની આદત કેળવવાનો સમાવેશ થાય છે. સાથે મળીને, જ્યારે આપણે આ વિશ્વવ્યાપી રોગચાળાના ફેલાવા સામે લડતી વખતે અગાઉનાં વેવમાં આપણાં સંયુક્ત પ્રયાસોથી એ બાબત સફળ થયા હતા કે કોરોનાવાયરસનાં રોજ આવતા કેસોમાં તીવ્ર વધારાને તબક્કે પહોંચ્યા પછી થોડા દિવસ સુધી કોઈ વૃદ્ધિ થઈ ન હતી અને પછી ધીમે-ધીમે કેસો ઘટવા લાગ્યા હતા.

અમને એવી અપેક્ષા છે કે અમે જે ઇચ્છીએ છીએ એ જ પ્રમાણે તમે કરશો અને આપણે એ બાબત સારી રીતે જાણીએ છીએ કે આપણે ફરીવાર સફળ થઈ શકીએ છીએ!

**આગામી ચાર સપ્તાહના Stay-at-Home Order દરમિયાન તમારા પગલાં અને નિર્ણયો અત્યંત નિર્ણાયક છે કે જેની સીધી જ અસર આપણા સમુદાયનાં સ્વાસ્થ્ય પર પડશે.**

અમારી વાત ધ્યાનપૂર્વક સાંભળવા બદલ, અને વધારે મહત્ત્વપૂર્ણ બાબત એ, કે આ સમસ્યાનો સામનો કરવામાં તમે પરસ્પર એકમતે જે સંગઠિત થયા છો એ બદલ તમારો આભાર. Lakeridge Health જીવન બચાવવા માટે, સાંત્વના આપવા માટે, તેમજ આપણા સમુદાયને સ્વસ્થ અને સલામત રાખવા માટે ચોવીસ કલાક કામ કરે છે. એક જવાબદાર નાગરિક તરીકે તમારી ફરજ અદા કરવા દ્વારા કૃપા કરીને અમારી સહાયતા કરો.

શ્રેષ્ઠ શુભેચ્છા,

Cynthia Davis
અધ્યક્ષ અને સી.ઈ.ઓ.

Dr. Tony Stone
કર્મચારીવર્ગના વડા